સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

કર્યા કરે વિરોધ, રેલી, છતાં જરા રહ્યો નથી!
સત્તા પક્ષ સિવાય હવે ક્યાંય કસ રહ્યો નથી.
મારે ગૂલાંટો ચૂંટાયેલાં નેતા, કરે પક્ષાંતર -
લોકોને પણ હવે ચૂંટણીમાં રસ રહ્યો નથી.
(નિરસ ચૂંટણી, ટકાવારી ઘટી)

'ફિક્સીંગ' શબ્દ
થયો છે ઓતપ્રોત -
ક્રિકેટ સાથે..

કાર્યકરોને
લટકાવ્યું ગાજર -
વિસ્તરણનું..

(શ્રીની નું દાલમિંયા સાથે)(૨૦૧૪ સુધી દોડતા રાખવા)

ચિંતન

પ્રહરિષ્યન્નિયં ભયાત્પ્રહત્યાપિ પ્રિયોત્તરમ્ ।
અપિ ચાસ્ય શિરશ્છિત્ત્વા રુધાચ્છોચેત્તથાપિ ચ ॥

'જેનો આપણને નાશ કરવાનો હોય તેનું પણ પ્રિય બોલવું, તેનો નાશ કર્યા પછી પણ તેનું પ્રિય બોલવું અને તેના મસ્તકનો છેદ કર્યા પછી પણ રડવું અને શોક પણ વ્યક્ત, કરવો'

આ શ્લોક આમ તો ચાણક્યની 'રાજનીતિ' જેવો છે એમાં રાજનીતિનું કૌશલ્ય કેળવવાની રીત બતાવી છે.

આજકાલના રાજકારણમાં હવે 'ધર્મ' અને 'સત્ય' રહ્યાં નથી. પ્રાચીન સતયુગમાં યુદ્ધ સૂર્યોદય થી સૂર્યાસ્ત સુધી થતાં અને એમાં ધર્મયુદ્ધમાં ઘાયલ અને મૃત સૈનિકોનું દુશ્મન-મિત્રના ભેદ સિવાય સેવા સારવાર અને મૃતદેહનું સન્માન થતું.

આજે ચૂંટણી યુદ્ધ અને સત્તાની ખેંચાખેચના સમુદ્રમંથનમાં કપટ -અસત્ય-દગાખોરી અને અવિશ્વાસનું વિપુલ પ્રમાણમાં સામ્રાજ્ય છે પક્ષમાં પણ કોઇને કોઇનાં પર ભરોસો નથી - પ્રગતિમાં આડે આવનાર ભાઇ - સસરા-કાકાને પણ નેતાઓ 'સોપારી' આપતાં અચકાતા નથી.

એટલે જ આ શ્લોકમાં જેના નાશ કરવાનો હોય તેના વખાણ કરવા તેનું પ્રિય બોલવું જેથી તે તેનો દુશ્મન નથી એવો બચાવ રહે. નાશ કર્યા પછી પણ નેતાઓ તેના પરિવાર માટે આશ્વાસન આપી ગુન્હેગારની તપાસની ખાતરી આપે, મગરનાં આંસુ પાડી રડે પણ ખરા! આ રાજકીય દંભ છે.

સુવિચાર

- **માનવ સંબંધમાં તકરાર ઊભી થવાનાં પાંચ મુખ્ય કારણો : અભિમાન, ઇર્ષ્યા, ક્રોધ, લાલચ, વહેમ - શ્રી અરવિંદ**
- **વ્યક્તિમાં સુંદરતાની ખોટ હોય તો સારા સ્વભાવથી પુરી શકાય છે. પણ, સારા સ્વભાવની ખોટ કદી સુંદરતાથી પુરી શકાતી નથી - શ્રદ્ધાલીચન કહેવત.**
- **તમે ચાહે એક હજાર વાર સારા અને સાચા કેમ ના હોવ, છતાં પણ લોકો તમારી એક જ ભૂલ થવાની રાહ જોતા હોય છે - વોરેન બફેટ**
- **જીવનભરની વધુ પડતી કમાણીની આજ છે યાત્રા, ટેબલ પર ચાંદીની થાળી, અને ભોજનમાં ડાયેટ ખાખરા - સ્વામી રામદેવ**
- **ગઇકાલની ખરાબ કે નબળી પળને ઊંચકીને જીવશો તો આજનો દિવસ બોજારૂપ લાગશે - બીનુ મોદી**
- **તમે આવો ને સન્માન મળે એના કરતાં તમે જાઓ ને તમારી ખોટ વરતાય એવું કામ કરજો - સાર્લી સેપ્લીન**

બોધ કથા

આજ તો ક્રિકેટરો અને સ્ટ્રોડિયાઓએ ક્રિકેટની એવી ઘોર ખોદી નાખી છે કે આપણે 'ક્રિકેટ' શબ્દ બોલીએ તો પણ જાણે 'ગાળ' બોલ્યા હોઇએ એવો મનોભાવ જાગે છે..

જામનગરના રાજા રણજીતસિંહજી સારા ક્રિકેટર હતા. આજે પણ એમનાં નામ સાથે જોડીને રણજી ટ્રોફી મેચો રમાય છે.

ત્યારે બદા દેશી રજવાડાં અંગ્રેજી હકુમત નીચે હતાં ઇંગ્લેન્ડને જરૂર પડે ત્યારે તેને લશ્કરી સેવા આપવી પડતી, બ્રિટનને ૧૯૧૪માં જર્મની સાથે લડાઇ થઇ. જામ સાહેબ રણજિતસિંહ બ્રિટનવતી યુદ્ધ મોરચે ગયા.

૧૯૧૬માં મેસોપોટેમિયા પ્રદેશમાં એક ટૂકડીના નાયક તરીકે લડતાં આંખમાં ગોળી લાગી - અને એક આંખ ગઇ.

અંગ્રેજી સેનાપતિ રૂબરૂ મળવા આવ્યા અને દિલશોજી વ્યક્ત કરી. જામ સાહેબે કહ્યું, મારી એક આંખ ગયાનું મને જરા પણ દુઃખ નથી 'ઠું આઇઝ આર લઝ્ઝર, વન આઇ ઇઝ એ ને સેસિટી (બે આંખ તો સમૃદ્ધિ કહેવાય માનવીને એક આંખ જ જરૂરી છે) જામ સાહેબે એક આંખે ગોલંદાજી કરી અને અનેક સદીઓ ફટકારી - ચોગ્ગા-છગ્ગા તો તેમની કારકિર્દીનાં છોગાં.. સૈફ અલીના પિતા નવાબ ઓફ પટોડી પણ એક આંખે જ રમ્યા.. આજે બે આંખવાળા અંધ બન્યાં છે.'

E-mail : sureshchandrabhatt18@gmail.com

લાલીને સુભાષભાઇનો કામ પર જવાનો અને પાછા ફરવાનો સમય ખબર પડી ગઇ હતી, તે ગમે ત્યાં હોય ત્યાં દોડીને આવી જતી અને સુભાષભાઇને પુંછડી હલાવી 'પ્રમાણ' કરતી, આપણે હાથ જોડીને પ્રણામ કરીએ છીએ એ કામ લાલી તેની પુંછડીથી કરતી

એક હતી લાલી. તલેલાં તાંબા જેવો રંગ, કદ જરાક નાનું, આંખો ચમકદાર, ચોંકેલા આશંક્તિ કાન અને લાંબી પુછડી. આખી શેરીમાં સૌની લાડલી, બાળકો તેની આસપાસ ટોળે વળે. તેની સાથે રમે. બાળકો લાલીનું ધ્યાન પણ બહુ રાખે. પોતાના ઘેરથી એકાદી રોટલી લાવીને પણ ખવડાવે. લાલી વાસી રોટલી ન ખાય. સુંઘીને મુકી દે અને દૂર જઇને ઉભી રહી જાય. એ કોઇને કરડે નહીં કે ભસે પણ નહીં. હાં બીજી શેરીમાં કૂતરા આવી જાય તો તેનાંથી સહન ન થાય. એ તેને ભગાડ્યે જ છૂટકો કરે.

સુભાષભાઇએ શેરીનાં મકાન ભાડે લીધું તો લાલી તરત દોડીને આવી. સુભાષભાઇ લાલી ને કે તેની ખુબીઓને જાણતા ન હતા. પણ એ ડર્યા નહીં. ચુપચાપ ઊભા જોતા રહ્યા. લાલી પણ તેમને જોતી રહી. ધીમે ધીમે ઘુરકતી રહી. જાણે કે પુછતી હોયકે તમે કોણ છો? ક્યાંથી આવ્યા છો? સુભાષભાઇ કાંઇ ન બોલ્યા. પાછા વળીને ઘરમાં જતા રહ્યા. તેમણે બારણાં બંધ ન કર્યા. લાલીને એ ગમ્યુ. તે પણ ચુપચાપ ત્યાંથી દૂર જઇને સામેનાં ઘરમાં ઓટલા પર ચડીને બેસી ગઇ. આગળના બે પગ પર મોં રાખીને ક્યાંય સુધી પુંછડી હલાવતી રહી. તે જાણે પોતાનો રાજીપો વ્યક્ત કરતી હતી. સુભાષભાઇ સાથે આ તેની પહેલી મુલાકાત હતી.

સુભાષભાઇ જમવા બેસે તો લાલી માટે થોડું રહેવા દેતા. એ રીતે સુભાષભાઇ અને લાલીની દોસ્તી વધતી ગઇ. હવે તો એવું થયું કે સુભાષભાઇ જમીને બહાર આવે ત્યાં લાલી દોડતી તેમની પાસે આવી જાય. સુભાષભાઇ છાપામાં રાખેલી તેના ભાગની રોટલી તેને આપી દે. તે રોટલીને સુંઘે અને જ્યારે તેને એમ લાગે કે બરાબર છે ત્યારે ધીરે ધીરે ખાવા લાગે. સુભાષભાઇ મહેતનું માણસ હતા. પુરૂં મન લગાવીને કામ કરતા. કામ પર ક્યારેય મોડા જાય નહીં. કે કામ પરથી વહેલા ઘરે આવે નહીં. આવા મહેનતું માણસની પરસેવાની રોટલીને લાલી પણ ખુબ ઉંમગ અને વિશ્વાસ પૂર્વક ખાતી એવું તેમને લાગતું હતું.

લાલીને સુભાષભાઇનો કામ પર જવાનો અને પાછા ફરવાનો સમય ખબર પડી ગઇ હતી. તે ગમે ત્યાં હોય ત્યાં દોડીને આવી જતી અને સુભાષભાઇને પુંછડી હલાવી 'પ્રમાણ' કરતી. આપણે હાથ જોડીને પ્રણામ કરીએ છીએ એ કામ લાલી તેની પુંછડીથી કરતી.

નવાં ક્લેવર
- નટવર હેડાઉ

હવે લાલી ધીરે ધીરે સુભાષભાઇની સાથે સોસાયટીના નાકા સુધી પણ જવા લાગી હતી. તેને આમ પાછળ આવતી જોઇએ એક દિવસ સુભાષભાઇએ ધમકાવી; પણ ખુબ પ્રેમપૂર્વક તે લાચાર પાછી પોતાના ઠેકાણે આવી ગઇ. પણ નારાજ ન થઇ. પ્રાણીઓ પણ ખુબસારી રીતે જાણતા હોય છે કે તેને ધમકાવવામાં કયા પ્રેમ છે અને ક્યાં નફરત. પ્રેમની ભાષા જ એવી હોય છે કે સૌ કોઇ સમજી શકે છે. પછી તે પ્રાણી હોય કે માનવ કે પછી કોઇ વૃક્ષ કે છોડ. માળી જ્યારે છોડને સુંદર આકાર આપવા મોટી કાતરથી તેની વધેલી ડાળીઓને કાપકૂપ કરે છે ત્યારે છોડ પણ તેનો આભાર માનતા હોય છે. એ જ છોડવાઓ જો કોઇ લોભીયો લાકડાંની લાલચે તેને કાપે તો મુંગી ચીસો પાડીને રડે છે. સ્વાર્થ અને બુદ્ધિના નશામાં ચકચૂર માનવ પ્રેમની આ ભાષા શીખી લે તો કેવું સારું.

સુભાષભાઇ રજાના દિવસોમાં ગામડે જતા. શનિવારે સાંજે જાય અને સોમવારે પાછા આવે. ક્યારેક બે ત્રણ દિવસની રજા લઇ લેતા. લાલી અને સુભાષભાઇની દોસ્તી એવી ગાઢ થઇ ગયેલી કે સુભાષભાઇ બેગ લઇને નીકળે એટલે લાલી સમજી જતી કે એ ગામડે જાય છે. તેથી એ તેમની સાથે તેમની માફતિવાન સુધી સાથે જતી. તેમના પગને સુગંધી અને પુંછડી હલાવતી. જાણ કે પુછતી હોય કે હવે પાછા ક્યારે આવશે? સુભાષભાઇ તેને કઇ રીતે સમજાવે કે તે સોમવારે પાછા આવી જશે કે બુધવારે. બસ પ્રેમ પૂર્વક તેની સામે જોઇ રહેતા. લાલીને પણ જાણે કે તેમની આ પ્રેમ ભરી નજરની ચાહત હતી. તે પોતાના અનુત્તર પ્રશ્નની સાથે પાછી વળી જતી. પાછા વળતાં તેના પગમાં સ્ફૂર્તિ જણાતી નહીં. મનની ઉદાસીનતા આપણી શારીરિક ક્રિયાઓમાં કઇ રીતે ઝળકી ઉઠે છે તે કોઇ લાલીને જુએ તો તરત જ સમજાઇ જાય. સુભાષભાઇને આમ તો પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમભાવ હતો. તે સવારમાં ઊઠતાંવેંત ચકલીઓને કબૂતરને દાણાં નાખતા. કાગડા અને કાબરોને ગાંઠિયા ખવડાવતા અને કીડીયારૂં પણ પુરતાં. જાણએ રોજ વિશ્વ પર્યાવરણ દિન ઉજવતા ન હોય એવ જ.

સુભાષભાઇ હવે શહેરમાં આવી ગયા. દિકરાને નોકરી અહીં મળી હતી. અહીંયા લાલી નહોતી. જમીને હાથ ધોતાં લાલીની યાદ ન આવે તો બને જ કેમ. યાદ ના અનેક રંગો હોય છે તેમાં સૌથી ઘેરો રંગ ઉદાસીનતાનો હોય છે. આ રંગ સુભાષભાઇના ચહેરા પર છવાઇ જતો હતો. જમ્યા પછી લોકો તરોતાજા લાગે છે પણ સુભાષભાઇની બાબતમાં ઊંધુ જ હતું. એક દિવસ સુભાષભાઇના પત્નીથી રહેવાયું નહીં. તેમણે તેમને ઉદાસીનું કારણ પૂછ્યું. પહેલાં તો એમને વાત ટાળવાની કોશીષ કરી પણ વારંવાર પુછતાં છેવટે તેમણે કહેવું જ પડ્યું. આ સાંભળી ને સુભાષભાઇની પત્ની શોભના બહેન ખુબ ખુશ થયાં. હવે તો લાલી સુભાષભાઇના ઘરના સભ્ય જેવી થઇ ગઇ. ભાગ્યે જ કોઇ એવો દિવસ હશે જ્યારે લાલીની ચર્ચા થઇ ન હોય.

સોનલ પુછતી 'લાલી કેમ છે?'

સુભાષભાઇ કહેતા 'મારી લાલી તો લાલમલાલ છે. એ જ એની ધમાલ ને નખરાળી ચાલ, દુબળી પાતળી, લાંબી તેના ગળામાં સફેદ રંગનો કુદરતી પટ્ટો જાણે દુબટ્ટો લટકાવ્યો ન હોય. સુમિત કહેતો પપ્પા તમે લાલીને અહીં કેમ બોલાવી દેતા નથી?' સુભાષભાઇ તેને સમજાવતા 'બેટા લાલી મારી એકલાની નથી. એ આખી શેરીના સૌ કોઇની લાકડી છે. તેના ગળામાં કોઇ એક માલિકનો પટ્ટો નથી. તે સ્વતંત્ર છે આઝાદ છે, તેની ઇચ્છા થાય ત્યાં ફરેફરે ને બેસે છે. બધાં ઘર તેનાં છે અને તે બધાંના ઘરોની છે. જ્યાં પટ્ટો નથી હોતો ત્યાં પ્રેમ જ પ્રેમ હોય છે, પટ્ટો તો પ્રેમ ને ખટ્ટો કરી દે છે.'

સુમિત વિચારતો કે પટ્ટાવાળા કૂતરાં પણ શેરીમાં છે તેને જોઇને લાલી શું વિચારતી હશે. તે પણ લાલી ને જોઇને શું વિચારતાં હશે.

સુભાષભાઇને લાલીને જોવાનું ખુબ મન થઇ આવ્યું. તે એક દિવસ પાછા આવ્યા.

જૂન મહિનાનું પ્રથમ અઠવાડિયું હતું. ગરમી, બાફનો પાર ન હતો. ધરતી ધગધગતી હતી. આખો દિવસ લૂ વાતી. રાતે પણ ક્યાંક ચેન ન પડે. તેમાં વીજળીનાં ધાંધીયા ઘડીક આવે ને ઘડીક જાય. સુભાષભાઇ આંગણામાં ખાટલો ઢાળીને બેસે એટલે લાલી તેમની પાસે આવીને બેસી જાય અને પુંછડી હલાવ્યા કરે. શોભનાબેન પંખીઓ માટે કુંડામાં પાણી ભરે તેની સાથે લાલીને પણ પાણી પીવા આપે. તે ઠંડુ પાણી પીવાની શોખીન થઇ ગયેલી. તે હુ હુ... કહી શોભનાબહેનને ફ્રીઝ બતાવે. શોભનાબેન ફ્રીજમાંથી ઠંડા પાણીની બોટલ કાઢી લાવે અને લાલીના વાડકામાં રેડે એટલે એ પાણી પીવા લાગે, પછી જાણે કે 'થેંક્સ' કહેતી હોય તેમ આભારની નજરે શોભનાબહેન તરફ જુએ, ત્યારે એ સુભાષભાઇને કહે 'તમે લાલીને ખુબ લાડ લડાવો છો.'

વાદળો હવે ગરજવા લાગ્યાં હતા. ક્ષિતિજે વીજળી ઝબુળતી હતી. ધૂળની ડમરીઓ પણ ચડવા લાગી હતી. મૌસમના પહેલા વરસાદના એંધાણ વર્તાતા હતા. કેરલમાં ચોમાસું બેસી ગયું ને કાઠિયાવાડમાં પણ મેઘો મંડાવા લાગ્યો છે. પણ આપણે ત્યાં વર્ષાના આગમનને ઇંતજાર છે.

છેવટે એક દિવસ સૌનો ઇંતેજાર પુરો થયો. વાદળો વરસવા લાગ્યાં. નગરનાં રસ્તા નદીઓમાં પલટાઇ ગયા. ઘણી જગ્યાએ પાણી ભરાઇ ગયા. ગરમીનું તો જાણે કે ગુમાન ઊતરી ગયું. શેરી-ગલીને મહોલ્લામાં બધે પાણી જ પાણી અચાનક પુર જેવી સ્થિતિ સર્જાઇ ગઇ. લોકો ઘરોમાં ભરાઇને બેસી ગયા. સ્કૂલોની છતો ચુવા લાગતા શિક્ષકો એ બાળકોને છોડી મુક્યા. બાળકોને તો મજા જ મજા. એ પાણીમાં કાગળની હોડીઓ તરાવવા લાગ્યાં ને છબછબીયાં કરી ભાગંભાગ કરતાં 'આવરે વરસાદ...' ગાતાં નાચતાં હતા.

પાણીનો વેગ વધવા લાગ્યો હતો. શેરીઓ સૂની થઇ ગઇ. સુભાષભાઇ આ બધું જોતા હતા. તેમને લાલી યાદ આવી. લાલી બે દિવસથી દેખાતી ન હતી. સુભાષભાઇ તેને શોધવા નીકળતી પડયા. રસ્તામાં લોકો એ એમને ટોક્યા પણ ખરા કે ક્યાં જાવ છો જુઓ તો ખરા પાણી વધતું જાય છે. જીવનું જોખમ શું કામ ખેડો છો?

સુભાષભાઇને તો જે ધૂન લાગી એવો પુરી કરવાની એવો એમનો સ્વભાવ. પછી એ કોઇનું માને ખરા. અચાનક તેમને કોઇનાં કણસવાનો અવાજ સંભળાયો. સુભાષભાઇએ જોયું તો લાલી ગટરના કચરા વચ્ચે ફસાઇ હતી. પાણીનો વેગ બહુ હતો.

સુભાષભાઇએ તેને કાઢી. લાલીની આંખોમાં ફરી એવી જ ચમક આવી ગઇ. દોસ્તીની ચમક. સુભાષભાઇને એમ થયું કે જો મેં લોકોની વાત માની હોત તો ગજબ થઇ જાત. પછી લાલી ક્યારેક જોવા ન મળત. લાલીને તેમણે ઊંચકી લીધી. અને ઘેર લઇ આવ્યા. લાલીને સુકી જગ્યા જોઇને રાહત થઇ. તેની આંખોમાં આંસુ ઉભરાઇ આવ્યાં. બહાર વરસાદનું જોર ઘટ્યું હતું. પાણી ઉતરવા લાગ્યું હતું.

આજે લાગી નથી. સુભાષભાઇ બેઠકરૂમમાં ટી.વી.જોઇ રહ્યાં છે. કોઇ નેતાજીનું ભાષણ ચાલે છે. વૃક્ષો, પ્રાણીઓ પ્રત્યે દયા કરૂણાની વાતો થાય છે. પ્રદૂષણ અટકાવવાનાં સરકારે લીધેલાં પગલાંઓની ચર્ચા વચ્ચે સુભાષભાઇના આંગણામાં ચકલાંઓ ચણે છે. કાબરો ગાંઠિયાની જયાફત ઉડાવે છે. લાલીની યાદ તેમને સતાવે છે. લાલી નથી પણ તેની આ વાત તો કાયમ તેમનાં હૈયે કોતરાયેલી રહેશે.

- vanvihari@gmail.com

ટેન્શન જનરેશન..!! આજકાલ બધાને માથે ધૂણતું ટેન્શનનું ભૂત..!!

કોઇ ક્યાંય પણ જાય ટેન્શન એનો હાથ પકડીને નીકળી પડે છે, ખાવાનું ટેન્શન, ભણવાનું ટેન્શન, કમાવાનું ટેન્શન... જન્મ્યા બાદ ટેન્શન, વેતાળની જેમ પીઠ પર લટકી પડ્યું છે, તે મરતાં સુધી ઉતરશે નહીં, એમ જ લાગે છે, ખરૂં ને?

મને છે ને હવે ખુબ ટેન્શન આવ્યું છે... કેમેય કરીને આ ટેન્શન કાંઇ મારો પીછો છોડતું નથી. ક્યાંક નીકળું છું એટલે ટેન્શન મારી નાની દીકરીની જેમ આંગળી પકડીને નીકળી પડે છે... ખાવાનું ટેન્શન, શિક્ષણનું ટેન્શન, કરિઅરનું ટેન્શન, રૂપિયાનું ટેન્શન, સંસારનું ટેન્શન, બાલ-બચ્ચાનું ટેન્શન, પ્રતિષ્ઠાનું ટેન્શન અને ઢળતી ઉંમરે એકલતાનું ટેન્શન... બાકી ગમે તે હોય, જન્મ થયા બાદ ટેન્શનનું ભૂત જ વેતાળની માફક પીઠે લટકે છે તે મરીએ ત્યાં સુધી નીચે ઉતરવાનું નામ જ નથી લેતું.

પરિક્ષામાં સારા માર્ક્સથી પાસ થયો, તો સારા પગારની નોકરીનું ટેન્શન, ઓછા માર્કે પાસ થવાય તો નોકરી માટે પૈસા આપવા પડશે એનું ટેન્શન આવતું તું... નાપાસ થઇશ તો કેવી કેવી નોકરીઓ કરવી પડશ એનું ટેન્શન વધારે આવતું હતું. જેવો હું જન્મ્યો કે ત્યારથી જ ટેન્શનનું નેટવર્ક સક્રિય થઇ ગયું. ત્યારે મને ખાવા પીવાનું ટેન્શન હતું એટલે કે મમ્મીનો માર અને બહાર મિત્રોનો માર બંને વાતની બીક લાગતી. સ્કૂલમાં જતો તો ભણવાનું ટેન્શન અને ઘરે આવું તો ઘરના કામનું ટેન્શન અને હોમવર્ક એટલે ટેન્શનનો બાપ જ હતો. એનું નામ જ શરીરે રૂંવાડા ઉભા કરવાતું તો બીજે દિવસે બાકી હોમવર્કસમાં શિક્ષકનાં મારનું ટેન્શન.

Hello ફ્રેન્ડસ!
- સંજય થોરાત

ઉંમર વધતી ગઇ એમ ટેન્શનનું સ્વરૂપ પણ બદલાતું ગયુ. હવે બધાં ટેન્શનો એનાં અલગ કલર બતાવવાં લાગ્યાં. શિક્ષકનું ટેન્શન વધતું ગયું, જેમતેમ કરીને શિક્ષણ પુરૂં કર્યું. ત્યાં નોકરીધંધાનું ટેન્શન વેલકમ કરતું હતું. બીઝનેશ કરવાનું વિચાર્યું ત્યાં મૂડીનું ટેન્શન મોં ફાડીને ઊભું રહ્યું, જોબ કરવાનો વિચાર કર્યો તો એમાં ટેન્શનની યાદીનું લીસ્ટ કરિયાણાનાં લીસ્ટ જેવું લાંબુ હતું. સારી નોકરી મળશે? મળતે થો ક્યાં મળશે? પગાર કેટલો હશે? એટલાં પગારમાં ઘર ચાલશે? આમાં આપણી ઇચ્છાઓ સંતોષાશે? એવાં અનેક પ્રશ્નો ટીવીની જાહેરાતોની જેમ મગજ પર હથોડા મારતાં હતા. મૂડી તો મા-બાપ આપી શક્યા નહીં અને ના ઇલાજ નોકરીમાં ટીફીન પકડીને ટાઇમે પહોંચવા દોડતો થઇ ગયો...

પહેલો પગાર ક્યારે મળશેનાં ટેન્શનમાં એક મહિનો કાઢવોય અઘરો પડેલો. પહેલો પગાર મળતાં જ હું ખુશીથી કૂદકા મારૂં એ પહેલાં ટેન્શનમાં બચ્ચાઓ મારી સામે નાચવા લાગ્યાં. બે જણાનાં ઉછીનાં લીધેલાં રૂપિયા પાઠાં આવતાનાં હતા. બાઇકનાં હપ્તા અને મોબાઇલનું બીલ ભરવાનું હતું. બાઇકની સર્વિસ, રૂમનું ભાડું અને મેસનાં પૈસા આ બધાં ખર્ચાની વહેંચણી કરતાં પાંચસોની નોટ બચી અને એમાં બેઠેલાં ગાંધીજી મારો ટેન્શન ભર્યો ચહેરો જોઇ ખડખડાટ હસતાં હતાં... સેવીંગ ખાતામાં પાંચસોથી વધુ જમાં થતાં જ નહોતા અને એકબાદ એક મહિના જવાં લાગ્યાં. લાખ રૂપિયાનું બેલેન્શ નહીં થાય તો પરણીશ નહીં એવી ભીષ્મ પ્રતિજ્ઞા લીધી...

પણ આ સંકલ્પને જો વળગી રહું તો રિયાટરમેન્ટ વખતે જે પી.એફ. મળે ત્યારે જ લગ્ન થાય એવું લાગ્યું એટલે ભીષ્મની માફી માંગી ટેન્શનમાં ભાગ પડાવે એવી છોકરી જોવાની ચાલું કરી... હવે મને એડજેસ્ટ કરશે? ખર્ચા બહુ તો નહીં કરે ને? મોંઘી બ્રાંડેડ વસ્તુઓ વાપરવાનો એને શોખ હશે તો, મારૂં શું થશે? આવા બધાં ટેન્શનનો વરઘોડો બેન્ડવાજા સાથે મારી સામે નાચવા લાગ્યો...

જેમ તેમ મને છોકરી મળી ગઇ અને લગ્ન પણ થઇ ગયા. લાખ રૂપિયાનાં બેલેન્સ વગર લગ્ન નહીં કરવાનાં ધ્યેય વાળો હું લગ્ન પછી એક જ વર્ષમાં લાખ રૂપિયાનાં દેવાદાર થઇ ગયો. આજે ટેન્શન છે પણ કાલે જતું રહેશે એવાં આશ્વાસનનું પત્નીને આપેલાં આલીંગનમાં ઘરનાં ઘોડીયું ઝૂલવા લાગ્યું, અને ખર્ચ વધારતી દીકરી દાંતીયા કાઢવા લાગી. ટેન્શનનાં વેલ ઉપર નવું પૂલ ખીલ્યું. સાડા ત્રણ વર્ષની રમતી થયેલી દીકરીને સ્કૂલની વાટ બતાવવાં ગયેલી મારી એની મોંઘીદાટ ફી સાંભળી મારી જ 'વાટ' લાગી ગયેલી... વર્ષે વીસ હજાર ફી, કપડાં અને અન્ય કાર્યક્રમ અલગ... મારી આઠ કલાકની નોકરી ક્યારે બાર કલાકની થઇ ગઇ ખબર જ ના પડી...

પાંચ વર્ષમાં તો પત્ની પણ પરિસ્થિતિથી વાકેફ થઇ ગઇ. અને એટલે એણે ટેન્શનમાં અને ખર્ચામાં મદદરૂપ થતાં એનાં માથાનાં વાળ ખેંચવા શરૂ કર્યા અને સંસારમાં મદદરૂપ થવા નોકરીએ લટકી ગઇ... છોકરીને ટાઇમ આપી શકાતો નહોતો, અરે અમે પતિ-પત્નીને વાત કરવાનોય સમય મળતો નહોતો. રોમેન્ટીક વિષયની વાતો કરનારાં અને મારી પ્રેમની ગઝલો સંભળાવવાનું પડતું મુકી અમે પેપર બિલ, દૂધનું બિલ, કેબલનું બિલ, કરિયાણું બિલ, લાઇટ બિલ, ગેસ બિલનાં પૈસાની વ્યવસ્થાનું બોલવા લાગ્યાં, પ્રેમની ઉષ્મા બાષ્પીભવન થઇ સંસારનાં સેટીંગનાં રૂપિયાની ટેન્શનનું એલાર્મ વાગતું થઇ ગયું. પગાર આવતો અને જતો, કોઇને કોઇ ટેન્શન દરરોજ અમારી ડોરબેલ વગાડી જતું અને એનાં સ્વાગત માટે મારે દરરોજ કુત્રિમ હાસ્ય સાથે તૈયાર રહેવું પડતું...

દિવસ પાણીની જેમ વહેતા હતા. પરિસ્થિતિ બદલાતી હતી. રહેણીકરણી બદલાઇ ગઇ. પાંચ આંકડાનો પગાર છ આંકડામાં બદલાઇ ગયો. પણ ટેન્શને કાંઇ મારો હાથ છોડ્યો નહીં. ટું વ્હીલરનાં હપ્તા ભરનારો હું હવે ફોર વ્હીલરનાં હપ્તામાં વહેંચાવા લાગ્યો. ગ્રામ્ય વિસ્તારનાં ફ્લેટનાં હપ્તામાંથી હવે શહેરમાં બંગલાનો મોટો હપ્તો કપાવતો હતો. જુનીયર કે.જી.ની ફીથી હાંફનારો હું હવે ટ્યુશનનાં હપ્તામાં કપાવા લાગ્યો...

બધું જ બદલાતું ગયું, કાળાં વાળ હવે એની સફેદી પર ઉતરી આવ્યાં. એને રંગાવાનું એક નવું ટેન્શન ઉમેરાયું. ચહેરા પર કરચલીઓ પડવા લાગી અને આંખ નીચે કાળા કુંડાળા પણ... દીકરીએ દસમામાં બાપનું નામ કાઢ્યું અને સારૂં ભણશે એટલે મોંઘા ભાવનાં ટ્યુશન ચાલું થયાં, બારમાંના રિઝલ્ટ પછી એનાં એક માર્કનો હિસાબ પેલાં આઇ.પી.એલ.નાં એક એક રન જેવો ખર્ચાળ જ દેખાયો...

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે અન્નનો બગાડ ન કરવા માટે સંકલ્પ લઇએ

આજે વિશ્વ પર્યાવરણ દિન. વર્ષ ૧૯૭૩થી આ દિવસની ઉજવણી શરૂ થઇ. ૫ જૂનના આજના દિને આખું વિશ્વ વિવિધ કાર્યક્રમો ઉજવે છે અને પર્યાવરણ પ્રત્યેની પોતાની ચિંતા, લાગણી અને સંવેદનાઓ પ્રગટ કરે છે.

આ વર્ષના વિશ્વ પર્યાવરણ દિનનો વિષય કે થીમ છે "થીંક - ઇટ - સેવ" વિચારો - ખાઓ - બચાવો. વિષય વિચાર માંગી લે તેવો છે. આપણે જે ખોરાક ખાઇએ છીએ તેનો બગાડ અટકાવીએ તો પણ પર્યાવરણ રક્ષણનું મોટું કાર્ય થયું ગણી શકાય. એક નાનું ઉદાહરણ સમજીએ. જો તમે એક લીટર ગાયનાં દૂધનો બગાડ કરો તો તેને પેદા કરવા માટેની પ્રક્રિયા દરમિયાન વપરાયેલ ૧૦૦૦ લીટર પાણીનો બગાડ થયો ગણાશે. આજ રીતે ઘઉં, ચોખા, મકાઇ જેવા અનાજો કે ફળો કે શાકભાજી પેદા કરવા માટે જમીન, જળ, ઉર્જા, શ્રમ, ખાતરો, જંતુનાશક દવાઓ, નાણાં વપરાય છે. તેનો બગાડ થયેલો ગણાય. આ બગાડ ઉપરાંત જે એઠવાડ ઉકરડામાં જાય તેના કારણે મિથેન ગેસ જેવા ગ્લોબલ વોર્મિંગ પેદા કરતાં કાર્બન ડાયોકસાઇડ કરતાં ૨૩ ઘણાં હાનિકારક હરિત વાયુ (ગ્રીન હાઉસ) પણ પેદા કરે છે.

વિચારો - ખાઓ - બચાવો
Think - Eat - Save
વિશ્વ પર્યાવરણ દિન - ૨૦૧૩
- હેમંત સુથાર

એક તરફ વિશ્વની પ્રત્યેક ૭ વ્યક્તિ પૈકી એક વ્યક્તિને ખાવા મળતુ નથી. રાત્રે ભૂખ્યા સૂઇ જાય છે. તેને આંકડાકીય રીતે સમજીએ તો વિશ્વની વસ્તીનાં ૧૫% ટકા જેટલા એટલેકે એક અબજ જેટલા લોકોને પૂરતું ખાવાનું મળતું નથી તેમ કહી શકાય.

યુનાઇટેડ નેશન્સના ફુડ અને એગ્રી કલ્ચર ઓર્ગેનાઇઝેનના એક અહેવાલ પ્રમાણે વિશ્વમાં દરરોજ ૫ વર્ષની નીચેની ઉંમરનાં ૨૦,૦૦૦ જેટલા બાળકો ભૂખ અને રોગને કારણે મરણ પામે છે. તેની સામે ચિંતાજનક હકીકત એ છે કે આજે સમગ્ર વિશ્વમાં પ્રતિવર્ષ ૧.૩ બિલિયન (અબજ) ટન જેટલો અનાજનો બગાડ થાય છે. જે કુલ અન્ન ઉત્પાદનના ત્રીજા ભાગ જેટલો એટલે કે ૩૦ ટકા જેટલો થાય છે.

અમેરિકામાં પ્રતિવર્ષ ૪૮.૩ અબજ ડોલરની કિંમતનું અનાજ ફેંકી દેવામાં આવે છે. યુનાઇટેડેટ કીંગ્ડમમાં ૬૭ લાખ ટન અનાજનો બગાડ થાય છે. જે કુલ ખરીદાયેલા ૨૧૭ લાખ ટન અનાજ પૈકી ૧/૩ ભાગ એટલે કે ૩૩ ટકા જેટલું અનાજ ખવાતું નથી અને એંઠવાડ તરીકે ઉકરડામાં જાય છે.

આપણાં ભારત દેશમાં પણ પ્રતિ વર્ષ લાખો ટન અનાજ ગોડાઉનોમાં સડી જાય છે અને બીજી તરફ લાખો લોકોને બે ટંકનું ખાવા મળતું નથી. આ એક ગંભીર સમસ્યા છે. જેમાં એક તરફ લોકો ભૂખે મરે છે અને બીજી તરફ અનાજ ઉત્પાદન સમયે વપરાયેલા જમીન, જળ, રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ, શ્રમ, પેટ્રોલ-ડીઝલ-વીજળી જેવી ઉ